આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ ન્યુ ગુજરાત પેટર્ન યોજના અંતર્ગત નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના આયોજન બાબત.

ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: NGP/2024/263/P

સચિવાલય, ગાંધીનગર.

તા.૧૦/૧૦/૨૦૨૪

વંચાણે લીધા:-

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૩/૦૯/૧૯૯૭નો ઠરાવ ક્રમાંક:-ટીએપી/૧૦૯૨/૧૯૨૮/છ.

(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૩/૦૮/૨૦૧૧નો ઠરાવ ક્રમાંક: એન.જી.પી./૯૯૧૦/૪૪૫/૧૩૯/પી.

(૩) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૭/૦૮/૨૦૧૧નો ઠરાવ ક્રમાંક: એન.જી.પી./૯૯૧૦/૪૪૫/૧૩૯/પી.

(૪) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૮/૧૨/૨૦૧૧નો ઠરાવ ક્રમાંક: એન.જી.પી./૯૯૧૦/૪૪૫/૧૩૯/પી.

(૫) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૮/૦૫/૨૦૧૨નો ઠરાવ ક્રમાંક: એન.જી.પી./૯૯૧૦/૪૪૫/૧૩૯/પી.

(૬) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૯/૦૬/૨૦૧૩નો ઠરાવ ક્રમાંક: એન.જી.પી./૯૯૧૦/૪૪૫/૧૩૯/પી.

(૭) આદિજાતિ વિકાસ વિભાગનો તારીખ ૨૬-૦૩-૨૦૨૪નો પત્ર ક્રમાંક- TDD/0386/03/2024(File No. TDD/NGP/e-file/25/2023/1518/P (Planning) Section)

આમુખ:

રાજયમાં આદિજાતિ વિકાસના પ્રયાસોને વધુ અસરકારક અને વેગવંતા બનાવવા માટે ગુજરાત સરકારે ન્યુ ગુજરાત પેટર્ન યોજના વર્ષ ૧૯૯૭-૯૮ થી અમલમાં મૂકેલ છે. રાજયના ૧૪ જિલ્લાઓ, ૫૩ ટી.એસ.પી. તાલુકાઓ, ૫,૮૮૦ થી વધુ આદિજાતિ ગામોમાં ન્યુ ગુજરાત પેટર્નની યોજનાની સુધારેલ નવી સૂચિત યોજનાનો અમલ કરવા બાબતે, યોજનાના મૂળ પ્રારૂપમાં ફેરફાર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ છે. આથી યોજનાની આખરી રૂપરેખા નક્કી થયેથી તે

અંગેની સુચનાઓ પ્રસિદ્ધ ન થાય ત્યાં સુધી ન્યુ ગુજરાત પેટર્ન અંતગર્ત આયોજન ન કરવા અંગે આ વિભાગના વંચાણે લીધા ક્રમાંક.(૭)ના પત્રથી કમિશનરશ્રી (આ.વિ.) મારફત જિલ્લાની પ્રાયોજના વહીવટદારની કચેરીઓને આયોજન ન કરવા સુચના આપેલ હતી. પરંતુ ઉકત યોજનાના પ્રારૂપમાં ફેરકાર કરવાની બાબતમાં આખરીકરણ કરતાં હજી વધુ સમય લાગી શકે તેમ છે.

આવતા વર્ષથી ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ કામો લેવા માટે યોજનાના સ્વરૂપમાં, કામોમાં, કામોના આયોજનમાં તેમજ કામોના અમલીકરણની પ્રક્રિયામાં ફેરફાર કરી તેની સુચનાઓ પ્રસિદ્ધ કરવાની કાર્યવાહી વિચારણા હેઠળ છે. જેથી હાલમાં વર્ષ ૨૦૨૪-૨૫ ના કામોમાં વધુ વિલંબ ન થાય તે માટે અગાઉ નકકી કરેલ કામો પૈકી સામૂદાયિક વિકાસ અને અગત્યના કામોને અગ્રતાના ધોરણે આયોજનમાં લેવાનુ સરકારશ્રીએ નક્કી કર્યુ છે.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે, ન્યુ ગુજરાત પેટર્ન યોજના અંતર્ગત નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના આયોજન બાબતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે:

૧. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે યોજના હેઠળ ફાળવેલ રકમમાંથી પરિશિષ્ટ-૧માં જણાવ્યા મુજબના કામો અગ્રતાના ધોરણે હાથ ધરવાના રહેશે.

૨. ચાલુ નાણાકીય વર્ષ માટે ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ કામોના આયોજન(પરિશિષ્ટ-૧) સિવાય યોજનાના અમલીકરણ બાબતે ઉપર સંદર્ભમાં જણાવેલ ઠરાવોની સુચનાઓ યથાવત રહેશે.

૩. તમામ પ્રાયોજના વહીવટદારશ્રીઓએ પ્રસ્તુત ઠરાવમાં દર્શાવેલ અગ્રતાના કામોની દરખાસ્તો મેળવી, સંદર્ભ હેઠળના ઠરાવની જોગવાઇઓ મુજબ મંજુર કરાવીને, અમલીકરણ અંગેની કાર્યવાહી સત્વરે હાથ ધરવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાંનાકી ફાઇલ ઉપર સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.એચ.વસાવા)
સંયુક્ત સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

**નકલ રવાના:**

- માન.રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર

- તમામ માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય,ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલાય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- તમામ વિભાગોના અધિક મુખ્ય સચિવશ્રી/અગ્રસચિવશ્રી/સચિવશ્રીઓ.
- નાણાં સલાહકારશ્રી(આ.વિ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી(આ.વિ.), આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડા ભવન, ગાંધીનગર
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત, બિરસા મુંડા ભવન, ગાંધીનગર
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી, બિરસા મુંડા ભવન, ગાંધીનગર
- તમામ કલેક્ટરશ્રીઓ (કમિશ્નરશ્રી) (આ.વિ.),આદિજાતિ વિકાસની કચેરી મારફત)
- તમામ પ્રાયોજના વહીવટદારશ્રી (કમિશ્નરશ્રી(આ.વિ.),આદિજાતિ વિકાસની કચેરી મારફત)
- તમામ મદદનીશ કમિશ્નરશ્રી (કમિશ્નરશ્રી(આ.વિ.),આદિજાતિ વિકાસની કચેરી મારફત)
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- તમામ અમલીકરણ અધિકારીશ્રીઓ
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી (બજેટ શાખા) આદિજાતિ વિકાસ વિભાગ સચિવાલય ગાંધીનગર
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ (પ્રસ્તુત ઠરાવ વેબસાઇટ ઉપર મૂકવા વિનંતી સહ).
- સિલેક્ટ ફાઇલ

આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૦/૧૦/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક:એનજીપી/૨૦૨૪/૨૬૩/પી નું જોડાણ.

ન્યુ ગુજરાત પેટર્ન જોગવાઈ હેઠળ અગ્રતાના ધોરણે મંજૂર કરવાના કામોની યાદી

## પરિશિષ્ટ-૧

| ક્રમ | ક્ષેત્ર | કામો |
|---|---|---|
| ૧. | રસ્તા | ગામનો મુખ્ય રસ્તો |
| | | ગામના આંતરિક ફળીયાના રસ્તા |
| | | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર / પેટાકેન્દ્ર, શાળાઓ, દૂધ કેન્દ્ર, આંગણવાડીને જોડતા રસ્તાઓ |
| | | વરસાદી પાણીના નિકાલ માટે નાળા અને પ્રોટેક્શન વોલના કામો.(ઉક્ત મુજબના રસ્તાઓના ભાગ હોય તો) |
| ૨. | શિક્ષણ | આંગણ વાડી તથા પ્રાથમિક શાળા ધોરણ-૧ થી ૪ અને ઉચ્ચત્તર પ્રાથમિક ધોરણ-૫ થી ધોરણ-૮ માટે આવશ્યકતા મુજબના ઓરડા, શૌચાલય, વીજળીકરણ, કમ્પાઉન્ડ વોલ, તેમજ આંતરમાળખાકીય સુવિધાઓ<br>(જે ગામમાં પ્રાથમિક શાળા/આંગણવાડી/ની સુવિધા બિલકુલ ન હોય તેને ટોચઅગ્રતા.) |
| ૩. | પાણી પુરવઠો | મીની વોટર સપ્લાય સ્કીમ, પાઇપલાઇન |
| ૪. | સિંચાઈ | ચેકડેમ, ચેકડેમ કોઝવે. |
| ૫. | કૃષિ અને પશુપાલન | આઇડીડીપી (IDDP) યોજના હેઠળના કામો |
| ૬. | વીજળી | સામુહિક કુવાઓ, ઉદવહન સિંચાઈ યોજનાઓના વીજળીકરણના કામો. |
| | | ખેતીના હેતું માટે વીજળીકરણ |
| ૭. | સામુહિક આરોગ્ય તથા અન્ય વિકાસના કામો | સેનિટેશનની સુવિધા |
| | | સ્મશાન સગડી, સ્મશાન ગૃહમાં પાણી, વીજળીની સુવિધા. |
| ૮. | રોજગાર | સ્વરોજગાર માટેની સામૂહિક યોજનાઓ(સ્વ સહાય જૂથ અને સખી મંડળોને પ્રાધાન્ય આપવાનુ રહેશે.) |
| ૯. | પોષણ | આંગણવાડી મકાન તેમજ તેમાં આંતરમાળખાકીય તથા ભૌતિક સુવિધાઓ |
| ૧૦. | આરોગ્ય | આદિજાતિ વિસ્તારમાં આવેલ સરકારી દવાખાના / પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર / પ્રાથમિક આરોગ્ય પેટા કેન્દ્રોના બાંધકામ, વોર્ડરૂમ |

| | | |
|---|---|---|
| | | બાંધકામ, વીજળીકરણ, પીવાના પાણીની સુવિધા, વોટરકુલર વસાવવા / ઈન્વર્ટર |
| ૧૧. | ભૂમિ સંરક્ષણ | પૂરસંરક્ષણ |
| ૧૨. | વન વિકાસ | એફ.આર.એ. હેઠળ મળેલ જમીનના વિકાસ માટેના કામો, સરકારી તથા ગોચર જમીનમાં વનીકરણ |